ટેટ-૧ નું પરીણામ જાહેર

તમામ કેટેગરીમાં કુલ ૬૩૪૧ ઉમેદવારો સફળ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યની સરકારી શાળાઓમાં શિક્ષક બનવા ઈચ્છુક યુવાનો માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તાજેતરમાં ટેટ-૧ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું આજરોજ બોર્ડે પરીણામ વેબસાઈટ પર જાહેર કર્યુ હતુ. પરીક્ષામાં તમામ કેટેગરી મુજબ કુલ ૬૩૪૧ ઉમેદવારોને પાસ કરવામાં આવ્યા હતા. ટકાવારીમાં કુલ પરીણામ ૮.૩૬ ટકા નોંધાયુ છે. ગાંધીનગર સ્થિત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત ૪ માર્ચ ૨૦૧૮ના ટેટ-૧ના શિક્ષક માટે ઓએમઆર પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લીધી હતી. જેમાં રાજ્યભરમાંથી કુલ ૭૫૮૩૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

આજ રોજ બોર્ડ દ્વારા ટેટ-૧નુ પરીણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેમાં તમામ કેટેગરી મુજબ કુલ ૬૩૪૧ ઉમેદવારો સફળ થયા છે. જ્યારે ૬૯૪૯૧ ઉમેદવારો અસફળ થયા છે. ટકાવારીમાં ટેટ-૧નું પરિણામ ૮.૩૬ ટકા નોંધાયુ છે. બોર્ડે એસ.સી., એસ.ટી., ઓબીસી અને વિકલાંગ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં ૮૨ ગુણ મેળવનાર ઉમેદવારોને પાસ થતા જનરલ કેટેગરી કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં ૯૦ ગુણ મેળવનાર ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા છે. માત્ર કસોટીમાં પાસ થયેલા ઉમેદવારોને ગુણાંકન સાથેનુ પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મોકલી આપાવામાં આવશે. ઉપરાંત ઓએમઆર સીટની પુનઃ ચકાસણી કરાવવા માંગતા ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે તા. ૨૮થી ૩૧ માર્ચ ૨૦૧૮ દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરવો. તેમ રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ પી.એ. જલુએ જણાવ્યુ હતુ.

હવે, ગુજરાતમાં ગુજરાતી વિષય ફરજિયાત

આ નિર્ણયનો પ્રારંભમાં પહેલા અને બીજા ધોરણમાં ત્યારબાદ ક્રમશઃ આગલા ધોરણ માટે અમલ કરાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતનું બાળક યોગ્ય રીતે ગુજરાતી બોલી કે સમજી શકે તથા બીજા બોર્ડ(ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ઉપરાંતના) કે ગુજરાતી ઉપરાંત અન્ય ભાષાના માધ્યમની શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા/ સંસ્કૃતિથી પરિચિત થાય તેવા ઉમદા હેતુથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આ સરકારે રાજયની સરકાર માન્ય અને બોર્ડ/ માધ્યમની શાળાઓમાં પણ ગુજરાતી શિખવવાનો સાંસ્કૃતિક નિર્ણય લીધો હોવાની શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે ગુજરાત વિધાનસભામાં ગૌરવભેર જાહેરાત કરી હતી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ આજે વિધાનસભા ગૃહમાં રાજયના લબ્ધપ્રતિષ્ઠત સાહિત્યકારોની પ્રેક્ષકદિર્ઘામાં ઉપસ્થિતિ સાથે આ જાહેરાત કરતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતુ કે, આગામી શૈક્ષણિક સત્ર એટલે કે, જૂન-૨૦૧૮થી શરૂ થનાર શૈક્ષણિક સત્રમાં અને જે કિસ્સામાં શૈક્ષણિક સત્ર વહેલું શરૂ થતું હશે તેવી શાળાઓમાં બીજા સત્રથી ગુજરાતી ફરજીયાત વિષય તરીકે ભણાવવામાં આવશે.

રાજય સરકારના આ નિર્ણય અંતર્ગત CBSE, ICSE, IB, CISCE, IGCSE વગેરે બોર્ડ ઉપરાંત ગુજરાત સરકાર માન્ય ગુજરાતી સિવાયના અન્ય માધ્યમની શાળાઓમાં ધોરણ-૧થી ધોરણ-૮માં ભણતાં વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાથી પરિચિત કરાવવાનો રાજય સરકારનો આશય છે. જો કે, આ નિર્ણયના અમલીકરણમાં કોઈપણ પ્રકારની અગવડ ઉભી ન થાય તે માટે પહેલાં અને બીજા ધોરણમાં પરિચયાત્મક ભાષા શિક્ષણ આપવામાં આવશે તેમજ તજજ્ઞો અને ભાષાના નિષ્ણાંતો-શિક્ષણકારો સાથે રહીને આ પહેલને વધુ સચોટ રીતે ક્રમશઃ આગલા ધોરણ માટે કાર્યાન્વિત કરાશે.

ચૈત્રી નવરાત્રિ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના મગોડીથી પાવાગઢ જઈ રહેલા સંઘમાં ચારસોથી વધુ ભાવિકો જોડાયા હતા.

આગામી ૬-૭ એપ્રિલે યોજાશે ગુણોત્સવની આઠમી શૃંખલા

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજયમાં પ્રાથમિક શિક્ષણના સ્તરમાં ઉત્તરોત્તર સુધારાના દ્યોતક ગુણોત્સવ અભિયાનથી પ્રાથમિક શિક્ષણના આધાર ઉપર ભવિષ્યના વિકાસની સુદ્રઢ બુનિયાદની નેમ વ્યકત કરી છે.

તેમણે આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રાથમિક શિક્ષણનું સ્તર-કવોલિટી જેટલા ઉન્નત થશે તેટલી તીવ્ર ગતિથી રાજયની પ્રગતિ-વિકાસની યાત્રા પણ આગળ વધશે.

મુખ્યમંત્રીએ આગામી ૬-૭ એપ્રિલ દરમિયાન રાજયમાં યોજાઇ રહેલા આઠમા ગુણોત્સવ મૂલ્યાંકનમાં જોડાનારા પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મયોગીઓને ગહન માર્ગદર્શન-ચિંતન આજે ગાંધીનગરમાં યોજાયેલી માર્ગદર્શક બેઠકમાં આપ્યું હતું.

વિજયભાઇ રૂપાણીએ શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવના જેવા શિક્ષણ ચેતના જગાવતા પ્રધાનમંત્રીના દ્રષ્ટિવંત પ્રયોગોને કારણે હવે ગુજરાતમાં શિક્ષણ સ્તર ઊંચે ગયું છે તેની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુણોત્સવના આ વર્ષના અભિયાનમાં અધિકારી, પદાધિકારીઓ જે ગામની શાળાના મૂલ્યાંકન માટે જાય ત્યાં ગામના અગ્રણીઓ-નાગરિકોને પણ મળીને પાણી, રસ્તા, આરોગ્ય જેવી માળખાકીય અને પાયાની સુવિધાઓની પણ વિગતો મેળવી ગુણોત્સવને સંવેદનાસ્પર્શી બનાવે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરકારી શાળાઓમાં ગરીબ-સેવાવસ્તી-શ્રમજીવી પરિવારોના બાળકો વિશેષ પ્રમાણમાં અભ્યાસ માટે આવતા હોય છે ત્યારે તેમનો અભ્યાસ અને સમગ્રતયા જીવન ધોરણ વ્યાપક સ્તરે સુધરે તેવું આપણા સૌનું દાયિત્વ હોવું જોઈએ.

ડભોડા પોલીસ સ્ટેશનમાં સંતરામપુર પીએસઆઈ સામે ગુનો દાખલ

અનુસૂચિત જનજાતિનુ બોગસ પ્રમાણપત્ર રજુ કરીને પીએસઆઈએ નોકરી મેળવી હતી : સંતરામપુર પીઆઈએ આપી ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૭

ડભોડા પોલીસ સ્ટેશનમાં આજે સંતરામપુર પીઆઈએ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં જ પીએસઆઈ સામે અનુસૂચિત જનજાતિનું બોગસ પ્રમાણપત્ર રજુ કરીને નોકરી મેળવી હોવાની ફરીયાદ દાખલ કરીને મોકલી છે. સંતરામપુર પીઆઈએ પીએસઆઈ સામે ગુનો દાખલ કરીને ઝીરો નંબરથી ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ ટ્રાન્સફર કરી છે. કરાઈ પોલીસ અકાદમીમાં ભરતી બોર્ડ સમક્ષ રજુ કરેલા જાતિના પ્રમાણપત્ર બોગસ હોવાનુ બહાર આવતા આ ફરિયાદ થવા પામી છે. સમગ્ર ઘટના અંગે ડભોડા પીએસઆઈએ વધુ તપાસ શરૂ કરી છે.

મહીસાગર જિલ્લાના સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા પરેશભાઈ જાલમભાઈ ખાંટ વર્ષ-૨૦૧૬માં અનુસૂચિત જનજાતિ સીટ પરથી પીએસઆઈ બન્યા હતા. પીએસઆઈ/એએસઆઈ ભરતી બોર્ડમાં પસંદગી પામ્યા બાદ કરાઈ પોલીસ અકાદમી ખાતે બોર્ડ સમક્ષ તેમણે પોતાના પ્રમાણપત્રોની ચકાસણી કરાવી હતી. જેમાં જાતિનુ પ્રમાણપત્ર જે રજુ કર્યુ હતુ તે બોગસ હોવાનું બહાર આવ્યુ છે. અનુસૂચિત જનજાતિનું બોગસ પ્રમાણપત્ર રજુ કરી આ બોગસ પ્રમાણપત્રને ખરા તરીકે ઉપયોગ કરનાર પીએસઆઈ પરેશ ખાંટ સામે ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થવા પામ્યો છે. સંતરામપુર પી.આઈ. જે.કે. પટેલે આ પીએસઆઈ ખાંટ સામે આઈપીસી કલમ ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ મુજબ ગુનો દાખલ કરી આ ફરિયાદ ડભોડા પોલીસ સ્ટેશનમાં ઝીરો નંબરથી ટ્રાન્સફર કરી છે. આજે ડભોડા પીએસઆઈ એલ.એન. ચૌધરીએ ગુનાની વધુ તપાસ શરૂ કરી આરોપીની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

સીઆરપીએફ પુણેની ઈન્સ્ટિટ્યૂટ અને ફોરેન્સીક યુનિવર્સિટી વચ્ચે મહત્વપૂર્ણ એમઓયુ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે આજે ઈન્સ્ટીટ્યુટ ઓફ આઈ.ઈ.ડી. મેનેજમેન્ટ, સી. આર. પી.એફ.,

પુણે અને જી. એફ.એસ.યુ., ગાંધીનગર વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. ઈન્સ્ટીટ્યુટ ઓફ આઈ.ઈ.ડી. મેનેજમેન્ટ, સી. આર.પી.એફ., પુણેનાં કમાન્ડન્ટ ધીરેન્દ્ર વર્મા અને જી.એફ. એસ.યુ.ની ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સિક સાયન્સના નિયામક ડૉ. એમ.એસ. દહિયા દ્વારા એમ. ઓ.યુ. સાઈન કરવામાં આવ્યા હતા.

સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ, ભારત સરકાર હેઠળ આંતરીક સુરક્ષા માટે કામ કરતી દુનિયાની સૌથી મોટી સંસ્થા છે. હાલની પરિસ્થિતિમાં આંતરિક સુરક્ષા ખાસ કરીને LWE Arcas, North Eastsrn States and J&K વિસ્તારમાં રાષ્ટ્રીય સુરક્ષા માટે એક મોટી ગંભીર સમસ્યા છે. દેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અસરકારક રીતે જળવાય તે હેતુથી સી.આર.પી.એફ. દ્વારા પુણે ખાતે ઈન્સ્ટીટ્યુટ ઓફ આઈ.ઈ.ડી., મેનેજમેન્ટની સ્થાપના કરવામાં આવેલ છે. ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી સાથે ઈન્સ્ટીટ્યુટ ઓફ આઈ.ઈ.ડી., મેનેજમેન્ટ, સી.આર.પી.એફ., પુણે સાથે એમઓયુ કરી એક ઐતિહાસિક શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં ફોરેન્સિકની મદદથી એક્સપ્લોઝીવ્સને શોધવા તેમજ પોસ્ટ બ્લાસ્ટ ઈન્વેસ્ટીગેશન અને સી.આર.પી.એફ.ના અધિકારીઓને આ વિષય ઉપર વિશિષ્ટ તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યુ છે.

આ એમઓયુ કરાર પ્રસંગે આઈ.જી. રાજકુમાર, ડીઆઈજી એસ.કે. પાર્થ, રાજેશ ધકરવાલ, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ, સી.આર.પી.એફ. અને જીએફએસયુના રજીસ્ટ્રાર સી.ડી. જાડેજા, નિયામક (તાલીમ) ડૉ. એસ.ઓ. જુનારે, દિવ્યેશ ભગત, ડેપ્યુટી રજીસ્ટ્રાર (એડમીન), આર.એન. ગુણા, ડેપ્યુટી રજીસ્ટ્રાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના બાળકોનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

તાજેતરમાં અમદાવાદની ક્રિષ્ણા એકેડેમી ખાતે યોજાયેલ ઈન્ટર રીંક સ્કેટીંગ સ્પર્ધામાં ગાંધીનગરની બીએસકે ૮ ટીમના બાળકોએ વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ હતુ. આ સ્પર્ધાની અન્ડર-૫ કેટેગરીના ઈનલાઈન વય જુથમાં સાર્થક ભાડવિયાએ પ્રથમ, અન્ડર-૯ ઈનલાઈન બોયઝ ગૃપમાં પ્રાંજલ પટેલે પ્રથમ, અન્ડર-૮ ઈનલાઈન ગર્લ્સ ગૃપમાં ખુશી પટેલે દ્વિતિય અને અન્ડર-૭ ઈનલાઈન બોયઝ ગૃપમાં અંશ પટેલે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. તમામ ખેલાડીઓને બીએસકે૮ ટીમના કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા હતા.

રામનવમીના પવિત્ર પર્વ નિમિત્તે શહેરના મહાકાલ ગૃપના સેવાભાવી યુવાનો દ્વારા સેકટર-૨૯ની સેવા વસ્તીમાં બાળકો તથા વડીલોને વિના મૂલ્યે કપડાંનું વિતરણ કરાયું હતું. આ કાર્યમાં ગૃપના આકાશસિંહ ભાટી તથા અન્ય યુવા મિત્રો જોડાયા હતાં.

હ્યુન્ડાઈ મોટર્સ ઈન્ડિયા લીના મેનેજીંગ ડીરેક્ટર વાય.કે. કો એ ગાંધીનગર સ્થિત પંજાબ હ્યુન્ડાઈ શૉ રૂમની મુલાકાત લીધી હતી અને શૉ રૂમની સુવિધા તથા સર્વિસ અંગે સંતોષ વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

કલોલ પ્રાથમિક શાળા નં. ૯ને સતત ત્રીજો શાળા સ્વચ્છતા એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૭

તાજેતરમાં ગાંધીનગરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમભવન ખાતે આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળા સ્વચ્છતા એવોર્ડ ૨૦૧૭-૧૮ પ્રતિયોગિતાના વિજેતાઓને એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા.

જેમાં કલોલની સરકારી પ્રાથમિક શાળા નં. ૯ને પ્રથમ ક્રમાંકે વિજેતા બનતા એવોર્ડ પ્રમાણપત્ર અને રૂ. ૧૦ હજારના ઈનામથી સન્માનવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ શાળાનો સ્વચ્છતા સંદર્ભે સતત ત્રીજો એવોર્ડ પ્રાપ્ત થયો છે. કલોલ પ્રાથમિક શાળા નં. ૯ના મુખ્ય શિક્ષિકા પ્રીતિબેન ગાંધીએ 'શાળા સ્વચ્છતા એવોર્ડ ૨૦૧૭-૧૮' સ્વીકારતા કહ્યુ હતુ કે 'સતત ત્રીજો સ્વચ્છતા સંદર્ભે એવોર્ડ પ્રાપ્ત થતાં મને આનંદની લાગણી થઈ રહી છે.'

વીજળી અને પાણી બચાવવા અંગે આર્ષ પ્રવચન માળામાં વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ખાતે 'આર્ષ' અક્ષરધામ પ્રવચનમાળા અંતર્ગત 'વીજળી અને પાણી : બચત,

જાળવણી અને સલામતી' વિષયે પ્રવચન યોજાયું હતું. છેલ્લા ૨૧ વર્ષથી યોજાતી આર્ષ પ્રવચન માળાના ૮૩માં પ્રવચન તરીકે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાહીબાગના બીએપીએસ મંદિરના પૂ. નિર્મૂલદાસ સ્વામી તેમજ સારંગપુરના બીએસપીએસ મંદિરના પૂ. શ્વેતપ્રકાશદાસ સ્વામીએ તેમના વક્તવ્ય રજૂ કર્યા હતા.

પૂ. નિર્મૂલનદાસ સ્વામીએ પોતાના વક્તવ્યમાં ઊર્જાના સ્રોત, ઊર્જા બચતની જરૂરિયાત, બચત કેવી રીતે કરી શકાય, ઉકેલ, અભ્યાસ અને સલામતી જેવા મહત્વના છ મુદ્દા આવરી લેતી વાત કરી હતી. તેમણે ઊર્જાના બેફામ વપરાશને કારણે પર્યાવરણને થઈ રહેલા નુકશાન અંગે ચેતવ્યાં હતા અને આ સાથે ઊર્જા બચત માટે વિવિધ પદ્ધતિઓનું વર્ણન કરી શ્રોતાઓને વીજળી બચાવવા મહત્વની રીતો સમજાવી હતી. આ ઉપરાંત તેમણે વીજળી ઉપકરણોનો યોગ્ય રીતે ઉપયોગ કરી વીજળીની બચત કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પૂ. શ્વેતપ્રકાશ દાસ સ્વામીએ પાણી અંગે વાત કરતા તેની અગત્યતા સમજાવી હતી. અને પાણી બચાવવા અંગે મહત્વનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમણે રોજબરોજના જીવનમાં પાણીનો ઉપયોગ કેવી રીતે કરવો જેથી તેની બચત સાથે શારીરિક તંદુરસ્ત પણ જળવાય તે અંગે વિગતે વાત કરી હતી. આ પ્રવચનને આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ માણ્યુ હતુ.

અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ બ્રિગેડિયર ડૉ. બી.ડી. મિશ્રાની રાજ્યપાલશ્રી સામે શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના પ્રવાસે આવેલા અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ બ્રિગેડિયર ડૉ. બી.ડી. મિશ્રા (સેવાનિવૃત્ત)એ ગઈકાલે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રીએ રાજ્યપાલ બ્રિગેડિયર ડૉ. બી.ડી. મિશ્રાને સ્મૃતિચિહ્ન ભેટ આપ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

કુડાસણ યુરો કિડ્સનો ત્રીજો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

યુરો કિડ્સ કુડાસણનો ત્રીજો વાર્ષિકોત્સવ તાજેતરમાં સેકટર-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. જેમાં યુરો કિડ્સના નાના ભુલકાઓએ વિવિધ ગીતોની ધુન પર ડાન્સ રજુ કર્યો હતો. નાના બાળકોનો અદ્‌ભુત ડાન્સ નિહાળીને હોલમાં હાજર બાળકોના માતાપિતાઓએ તાળીઓથી સૌ ભુલકાઓને વધાવી લીધા હતા.

કુડાસણ ખાતે આવેલ યુરો કિડ્સ પ્રિ સ્કુલનો ત્રીજો વાર્ષિકોત્સવની ઉજવણીનું આયોજન તાજેતરમાં સે-૧૨ ખાતે આવેલ આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુડાસણ સંસ્થાના ડાયરેકટર રુચી અગ્રવાલ અને રેડ એફ.એમ. ૯૩.૫ ના ઝોનલ હેડ સલીમ દરેડીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કર્યા બાદ યુરો કિડ્સ પરિવાર દ્વારા મહેમાનનું સ્વાગત પુષ્પગુચ્છથી કરાયું હતું. સરસ્વતી વંદનાથી કાર્યક્રમના પ્રારંભ બાદ નાના ભુલકાઓએ વિવિધ હિન્દી ફિલ્મોના ગીત પર સુંદર ડાન્સ રજુ કરીને હોલમાં સૌ કોઈના મન જીતી લીધા હતા. સંસ્થાના ડાયરેકટર રુચી અગ્રવાલના વડપણ હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જયારે કાર્યક્રમના અંતે સંસ્થાના હેડ મીરા ભટ્ટે સંસ્થા વતી મહેમાન તેમજ વાલીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા માટે આભાર વ્યકત કર્યો હતો.

ડો.બાબા સાહેબની ૧૨૭મી જન્મ જયંતિ પ્રસંગે વકતૃત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ડો.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતી ગાંધીનગરના સંયુકત ઉપકમે આગામી તા.૧૪-૪-૧૮ના રોજ ગુજરાત વિધાનસભા સામે આવેલ ડો.આંબેડકર પ્રતિમા સંકુલ ખાતે ૧૨૭મી જન્મજયંતિ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડો.આંબેડકરના જીવનને પ્રાસંગીક તેમજ સામાજીક એકતા સંદર્ભે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં ગ્રુપ એ માં ધોરણ-૫ થી ૮, ગ્રુપ બી માં ધોરણ-૯ થી ૧૨, ગ્રુપ સી માં સ્નાતક અને અનુસ્નાતક ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. તા. ૧૪ એપ્રિલના રોજ વિધાનસભા સામે આવેલ ડો.બાબા સાહેબની પ્રતિમા પાસે ૧૧ થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે. જે વિદ્યાર્થી ભાઈ બહેનોએ સ્પર્ધામાં ભાગ લેવા રસ ધરાવતા હોય તેઓએ અશ્વિન રાઠોડ બ્લોક નં ૬૫૦-૨ એકતા કોલોની સે-૨૭, ભરતસિંઘ ચૌધરી પ્લોટ નં૪૫-૨ સે-૧૪, તેમજ ડી.જી.અરસોડા પ્લોટ નં-૧૫૩૬-૧ સે-૩ ડી ખાતેથી ફોર્મ મેળવી તા.૮-૪-૧૮ સુધીમાં મોકલી પોતાની સંપૂર્ણ વિગત સાથે જણાવેલ સરનામે અરજી ફોર્મ મોકલી આપવા સમિતિ તરફથી જણાવવામાં આવ્યું છે.

info City Club & Resort
SUMMER CAMP
HURRY UP!!
Starts 1st May,2018
TENNIS
GYM
SWIMMING
CRICKET
Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-
1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm
3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
* Limited Batches
* Flexible Timing
If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
CALL : +91 99099 06372
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net
" SAY NO TO TOBACCO "
* Terms & Conditions Apply